P.07

તારા સુતરિયા અને વીરે તેમના સંબંધો ઓફિશિયલ કર્યા



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

સારા અલી ખાન કાશી વિશ્વનાથ મંદિરમાં ગયા, પણ ધર્મના ઠેકેદારો ગુસ્સે થયા



તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૩૧ I વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૨ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 31 • Dt.02-09-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે તબાહી મચાવી I ૧૧ જિલ્લામાં શાળાઓ બંધ



07

02 SEPTEMBER- 2025 TUESDAY



07

ગુંડાગીરી - સત્તાનું રાજકારણ સહન કરવામાં આવશે નહીં : ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ

**ડ્રાઈવમાં વિવિધ સ્થળોએથી ૭૭૪ નમૂનાઓ લીધા હતા**

**ઓગસ્ટ માસમાં વિવિધ જિલ્લાઓમાં નિયમિત તપાસ ઉપરાંત ૧૦ જેટલા દરોડા પાડવામાં આવ્યા હતા**

# રાજ્યમાં રૂ. ૧.૮ કરોડનો ૪૬ ટન અખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો જપ્ત

**ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. એચ.જી.કોશિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ભેળસેળયુક્ત-ડુપ્લિકેટ ખોરાક બનાવનાર ઇસમો સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી**

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ I

રાજ્યના નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ચાલુ વર્ષે ઓગસ્ટ માસમાં વિવિધ જિલ્લાઓમાં નિયમિત તપાસ ઉપરાંત ૧૦ જેટલા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન તંત્ર દ્વારા કુલ ૨૮ નમૂનાઓ લઈને અંદાજે રૂ. ૧.૮ કરોડનો ૪૬ ટન અખાદ્ય ચીજ વસ્તુઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ જપ્ત કરવામાં આવેલા જથ્થામાં મુખ્યત્વે ઘી, પામ ઓઈલ, કૂકિંગ મીડિયમ અને ચાંદીના વરખનો સમાવેશ થાય છે.ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ.જી.કોશિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં ભેળસેળયુક્ત-ડુપ્લિકેટ ખોરાક બનાવનાર ઈસમો સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. વધુમાં, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન જાહેર જનતાને શુદ્ધ અને સલામત ફરાળી ખાદ્યચીજો મળે તે હેતુથી તંત્ર દ્વારા રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવમાં વિવિધ સ્થળોએથી ૭૭૪ નમૂનાઓ લઈને અંદાજિત રૂ. ૧.૭૭ લાખનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૪૬૮ પેઢીઓની રૂબરૂ તપાસ થકી ૧૨ ટન જથ્થો જપ્ત કરવાની સાથે ૩૨ કિલોગ્રામ જથ્થાનો નાશ પણ કરવામાં આવ્યો હતો.




કમિશનરએ ઉમેર્યું કે, ગુજરાતના નાગરિકોને શુદ્ધ અને સલામત આહાર મળે તે માટે તંત્ર સતત કાર્યરત છે. જે અન્વયે તંત્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન જુદી જુદી ટીમ બનાવીને સુરત, અમદાવાદ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લા સહિત વિવિધ જગ્યાએ દરોડા પાડીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી.આ અંતર્ગત સુરતના એસ.આર.કે. ડેરી ફાર્મ ખાતેથી ઘીના ત્રણ અને એક બટરનો નમૂનો લેવામાં આવ્યો હતો તેમજ અંદાજે રૂ. ૬૫ લાખનો ૧૦ ટન જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જે પૈકી ઘીના ત્રણ નમૂનાઓ લેબોરેટરીમાં સબસ્ટાન્ડર્ડ જાહેર થયા હતા.

**હવામાન વિભાગે આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું**

## ગુજરાતમાં બે દિવસ વરસાદનો આંશિક વિરામ I ૪ સપ્ટેમ્બરથી ફરી અતિભારે વરસાદનું એલર્ટ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧ I

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારેથી અતિભારે વરસાદી માહોલ છે, ત્યારે મેઘરાજા બે દિવસ વિરામના મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. હવામાન વિભાગે આગામી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદને લઈને ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં આગામી ૨-૩ સપ્ટેમ્બરે માત્ર દક્ષિણ ગુજરાતના અમુક જિલ્લામાં વરસાદની શક્યતા છે. જ્યારે ૪ સપ્ટેમ્બરથી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં ધોધમાર વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, નવસારી, વલસાડ અને ૩ સપ્ટેમ્બરે દાહોદ, છોટા ઉદેપુર, તાપી, નર્મદા, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં આગામી ૪ સપ્ટેમ્બરથી ફરી વરસાદનું જોર વધશે. જેમાં આ દિવસે છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં અતિભારે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ અને ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, મહીસાગર, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, ભરુચ, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. આગામી ૫-૬ સપ્ટેમ્બરના રોજ રાજ્યના ૨૮થી વધુ જિલ્લામાં યલો-ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં ૫-૬ સપ્ટેમ્બરે રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, ભરુચ, સુરત, નવસારી, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.







## ગણપતિ વિસર્જન દુર્ઘટના, યુવાન નદીના વ્હેણમાં તણાઇ જતાં મોતને ભેટ્યો

| પ્રતિનિધિ, નર્મદા, તા.૧ |

નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે ગણપતિ વિસર્જન દરમિયાન એક દુઃખદ ઘટના બની છે. કરજણ નદીના કિનારે ગણપતિ બાપાની પ્રતિમા વિસર્જન કરવા ગયેલો યુવાન અચાનક નદીના વ્હેણમાં તણાઈ જતાં મોતને ભેટ્યો હોવાની શક્યતા છે.સૂત્રો અનુસાર, અર્જુન જવાનસીગ વસાવા નામનો યુવાન, જે રાજપીપળાના મોતીબાગ વિસ્તારમાં રહેતો હતો, ગઈકાલે રાત્રે લગભગ ૧૦ વાગ્યે અન્ય એક ફળીયાની ગણપતિ બાપાની પ્રતિમા વિસર્જન કરવા સરકારી ઘાટે પહોંચ્યો હતો. તે પ્રતિમાને નદીના મધ્ય ભાગ સુધી લઈ જઈ વિસર્જન કરતો હતો ત્યારે અચાનક પાણીનો જોરદાર પ્રવાહ આવી ગયો.

## કારખાનામાં રમાતું હાઇપ્રોફાઇલ જુગારધામ પકડાયું, પાલિકાના પૂર્વ પ્રમુખ સહિત ૭ શખ્સો જબ્બે

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૧ |

ગોંડલ શહેરમાં પોલીસ દ્વારા મોટું જુગારધામ પર્દાફાશ કરવામાં આવ્યું છે. રીબડા-ગુંદાસરા રોડ પર આવેલ "પ્રિમિયર એન્ટરપ્રાઈઝ" નામના કારખાનામાં પોલીસે દરોડા પાડતાં જુગાર રમતા ૭ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે ઝડપાયેલાઓમાં ગોંડલ નગર પાલિકાના પૂર્વ પ્રમુખ મનીષ ચનીયારાનું નામ પણ સામેલ છે.પોલીસ તપાસમાં ખુલ્યું છે કે જુગાર રમનારા પૈકી ઘણા વ્યક્તિઓ રાજકોટના વેપારી છે. ઝડપાયેલા અન્ય આરોપીઓમાં લલીત કનેરિયા, હિતેશ મણવર, રમેશ મારડિયા, પ્રતિક ભૂત, જેમીન ઘેટીયા અને દિલીપ અસોદરીયાનું નામ ખુલ્યું છે પોલીસે સ્થળ પરથી રૂ. ૨૦.૨૧ લાખની રોકડ સાથે કુલ રૂ. ૮૨.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં મોબાઈલ ફોન, કારો અને જુગારના સાધનોનો સમાવેશ થાય છે.પોલીસે ગુપ્ત જાણકારીના આધારે આ દરોડાની યોજના ઘડી હતી.

### મહામેળાનો ભવ્ય પ્રારંભ

# બોલ મારી અંબે, જય જય અંબે"ના નાદથી અંબાજી મંદિર ગુંજી ઉઠ્યું

## ૫૧ શક્તિપીઠોમાંનું એક ગણાતું અંબાજી ધામ ભાદરવી પૂનમ મહામેળાના પ્રારંભ સાથે જાણે દિવ્ય આસ્થાનું કેન્દ્ર બની ગયું

| પ્રતિનિધિ, અંબાજી, તા.૧ |

અરવલ્લીના પર્વતીય વિસ્તારોમાં વસેલું યાત્રાધામ અંબાજી આજે શ્રદ્ધા અને ભક્તિના રંગોથી રંગાયું છે. ૫૧ શક્તિપીઠોમાંનું એક ગણાતું અંબાજી ધામ આજે ભાદરવી પૂનમ મહામેળાના પ્રારંભ સાથે જાણે દિવ્ય આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. "બોલ મારી અંબે, જય જય અંબે"ના નાદ સાથે સમગ્ર યાત્રાધામ શ્રદ્ધાભક્તિના ઉલ્લાસમાં ઝૂમી ઉઠ્યું છે.સાત દિવસ સુધી ચાલનારા આ મહામેળાનો પ્રારંભ આજે થયો છે અને તે આગામી ૭ સપ્ટેમ્બર સુધી યથાવત રહેશે. આ સમયગાળા દરમિયાન માત્ર ગુજરાતમાંથી જ નહીં પરંતુ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોમાંથી પણ લાખો યાત્રાળુઓ પગપાળા અંબાજી પહોંચે છે. પદયાત્રાના સંકલ્પ સાથે હજારો ભક્તો પોતાના ગામથી યાત્રા શરૂ કરી મા અંબેના દર્શનાર્થે અંબાજી પહોંચ્યા છે.લાખો ભક્તોના આગમનનો અંદાજ વહીવટી તંત્રના અંદાજ પ્રમાણે, આ સાત દિવસીય મહામેળામાં ૩૦ લાખથી વધુ યાત્રિકો અંબાજી ધામ પધારશે. ખાસ કરીને પૂનમના દિવસે અંબાજી ધામે શ્રદ્ધાળુઓની ભીડ તૂટે તેવી શક્યતા છે. યાત્રાળુઓના આગમનને ધ્યાનમાં રાખીને બનાસકાંઠા જિલ્લાના વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓએ સર્વગ્રાહી તૈયારીઓ




કરી છે. ડિજિટલ માધ્યમ થકી પણ પદયાત્રાળુઓને સ્વાગત સંદેશા પાઠવીને તેમને સુવિધાજનક યાત્રાનો સંદેશ આપવામાં આવ્યો છે.દર્શન માટે વિશેષ વ્યવસ્થા આ વર્ષે યાત્રાળુઓને સુગમ દર્શન મળી રહે તે માટે મંદિર પરિસરમાં વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. વિશેષતાઓની વાત કરીએ તો, બસ સ્ટેન્ડથી મંદિર સુધી ખાસ રેલિંગ વ્યવસ્થા ઊભી કરાઈ છે. લાઈનમાં ઊભેલા યાત્રાળુઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.દર્શન બાદ બહાર નીકળવા માટે ત્રણ મુખ્ય માર્ગો નક્કી કરાયા છે. અંબાજી શક્તિદ્વારની બાજુમાં આવેલ યાત્રિક પ્લાઝા હવનશાળા પાસેનો ગેટ નંબર ૭ ભેરવજી મંદિર તરફનો ગેટ નંબર ૮ વિશેષ શ્રેણીઓ માટે સુવિધાદંડવત પ્રણામ કરનારા યાત્રિકો માટે ખાસ દિવ્યાંગો, વ્હીલચેર ઉપયોગ કરનારા ભક્તો, સિનિયર સિટીઝન્સ તથા નાના બાળકો સાથે આવેલા ગરબાવાળા યાત્રિકો માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

## સુરતમાં ભયંકર દુર્ઘટનામાં પલસાણાની ટેક્સટાઈલ મિલમાં ડ્રમ ફાટ્યું, ૨ના મોત

| પ્રતિનિધિ, સુરત, તા.૧ |

શહેરના પલસાણામાં આવેલ જોળવા ગામે ટેક્સટાઈલ મિલમાં ડ્રમ ફાટવાની ભયંકર ઘટના સામે આવી છે. આ દુર્ઘટનામાં ૨ કામદારોના મોત થયા છે જ્યારે ૧૭ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે જેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ તેમણે હાથ ધર્યા છે. સાથે જ અંદર ફસાયેલા લોકોને પણ બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.જે સમયે આ દુર્ઘટના ઘટી ત્યારે મિલમાં કામ ચાલુ હતું અને અચાનકથી ડ્રમ ફાટતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કામદારો ફસાયા છે કે નહીં તે ચેક કરવા પતરાં તોડતાં ફાટેલા ડ્રમમાંથી વધારે આગ ભભૂકી ઊઠી હતી. જેના કારણે ફાયર વિભાગે ફરી પાણીનો મારો શરૂ કર્યો હતો. આગને કાબૂમાં લેવાના પ્રયાસ શરૂ કરતાં જ આગે વધુ વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું.આગ કયા કારણોસર લાગી છે તે હજુ સામે નથી આવી શક્યું. જોકે જ્યારે ડ્રમ ફાટ્યું હતું ત્યારે અવાજ એટલો પ્રચંડ હતો કે દીવાલો ધ્રુજી ગઈ હતી સાથે જ મિલમાં કામ કરતા કામદારો પણ પોતાનો જીવ બચાવવા માટે દોડ્યા હતા. જેના કારણે અંદર મિલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### માતબર રકમમાંથી જે માર્ગોના રિસરફેસિંગ સહિતના કામો થવાના છે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૪૧૯૬ કિલોમીટરના ૧૨૫૮ માર્ગોની રિસરફેસિંગ સહિતની કામગીરી હાથ ધરાશે

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોને સુદ્રઢ રોડ-કનેક્ટિવિટી દ્વારા સારી સપાટીવાળા અને બારમાસી રસ્તા – ઓલ વેધર રોડની સુવિધા મળી રહે તેવો જનહિતલક્ષી અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીએ આ હેતુસર રાજ્યના તમામ જિલ્લાઓના પંચાયત હેઠળના જરૂરિયાતવાળા પ્લાન રસ્તાઓના રિસરફેસિંગ અને આનુષંગિક કામગીરી માટે ૨૬૦૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.



આ માતબર રકમમાંથી જે માર્ગોના રિસરફેસિંગ સહિતના કામો થવાના છે, તેમાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં ૧૬૦૯ કિલોમીટરના ૪૮૭ માર્ગો, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ૧૫૨૮ કિલોમીટર લંબાઈના ૪૯૯ માર્ગો અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૦૫૯ કિલોમીટરના ૨૭૨ ગ્રામીણ માર્ગોનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રી સમક્ષ જનપ્રતિનિધિઓ અને ગ્રામીણ નાગરિકો, અગ્રણીઓ દ્વારા બારમાસી રસ્તાની સુવિધા માટે કરવામાં આવતી રજૂઆતોનો ત્વરિત અને સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ૪૧૯૬ કિલોમીટર લંબાઈના ૧૨૫૮ માર્ગોની મરામત તથા રિસરફેસિંગ કામો માટે આ નાણાંની ફાળવણી કરી છે.આ માર્ગોનું રિસરફેસિંગ અને અન્ય અનુષંગિક કામગીરી પૂર્ણ થતાં ગ્રામીણ વિસ્તારોનું રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંગીન થવાથી કનેક્ટિવિટી વધશે અને નાના ગામોમાં પણ આંતરિક તેમજ શહેરો સાથેના વાહન યાતાયાતમાં વધુ સરળતા મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોને સુદ્રઢ રોડ-કનેક્ટિવિટી દ્વારા સારી સપાટીવાળા અને બારમાસી રસ્તા – ઓલ વેધર રોડની સુવિધા મળી રહે તેવો જનહિતલક્ષી અભિગમ અપનાવ્યો છે.મુખ્યમંત્રીએ આ હેતુસર રાજ્યના તમામ જિલ્લાઓના પંચાયત હેઠળના જરૂરિયાતવાળા પ્લાન રસ્તાઓના રિસરફેસિંગ અને આનુષંગિક કામગીરી માટે ૨૬૦૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

## જામનગરમાં ગણેશ વિસર્જન દરમિયાન મોટી કરૂણાંતિકા : પિતા અને બે પુત્રોના ડૂબવાથી મોત

| પ્રતિનિધિ, જામનગર, તા.૧ |

જામનગરના નાઘેડી નજીક આવેલા લહેર તળાવમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા એક જ પરિવારના ત્રણ સભ્યોના ડૂબી જવાથી કરૂણ મોત થયા છે. આ દુર્ઘટનામાં પિતા સંજયભાઈ રાવલ અને તેમના બે પુત્રો પ્રિતેશભાઈ રાવલ અને અંશભાઈ રાવલનું ડૂબી જવાથી મૃત્યુ થયું છે.પ્રાથમિક માહિતી મુજબ, પરિવાર ગણેશ વિસર્જન માટે લહેર તળાવ પર ગયો હતો. વિસર્જન દરમિયાન અચાનક આ દુર્ઘટના બની હતી અને ત્રણેય પાણીમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. લાંબી શોધખોળ બાદ ફાયર બ્રિગેડે ત્રણેયના મૃતદેહને બહાર કાઢ્યા હતા. મૃતદેહને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે.આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે. ગણેશ વિસર્જન જેવા પવિત્ર પ્રસંગે બનેલી આ કરૂણાંતિકાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. જામનગરના નાઘેડી નજીક આવેલા લહેર તળાવમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા એક જ પરિવારના ત્રણ સભ્યોના ડૂબી જવાથી કરૂણ મોત થયા છે.

## સુરતમાં સાયબર સ્લેવરીના આંતરરાષ્ટ્રીય રેકેટનો ભંડાફોડ

| પ્રતિનિધિ, સુરત, તા.૧ |

ગુજરાતનું એક વ્યસ્ત શહેર, તાજેતરમાં એક ચોંકાવનારા આંતરરાષ્ટ્રીય સાયબર સ્લેવરી રેકેટના પર્દાફાશના કેન્દ્રમાં આવ્યું છે. સુરત સાયબર સેલની ઝીણવટભરી તપાસે એક એવા ગુનાહિત નેટવર્કનો ખુલાસો કર્યો, જે નિર્દોષ યુવકોને થાઈલેન્ડમાં આકર્ષક નોકરીઓની લાલચ આપી, તેમને મ્યાનમાર અને કંબોડિયામાં ગોંધી રાખી ઓનલાઈન છેતરપિંડીના કૌભાંડમાં ફસાવતું હતું.આ રેકેટમાં ભારતભરમાંથી ૪૦થી વધુ યુવકોને નિશાન બનાવવામાં આવ્યા, જેમાંથી સુરત અને વડોદરાના ૧૨ યુવકોનો સમાવેશ થાય છે. આરોપીઓ યુવકોને કોમ્પ્યૂટર વર્કની નોકરીનું વચન આપી થાઈલેન્ડ મોકલવાની લાલચ આપતા, પરંતુ તેમને નદી મારફતે ગેરકાયદેસર રીતે બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર લઈ જવામાં આવતા. ત્યાં તેમને ઓનલાઈન છેતરપિંડીના ગુનાઓમાં ફસાવવામાં આવતા હતા.સુરત સાયબર સેલે આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર પંજાબના નીપેન્દર ચૌધરી સહિત ત્રણ આરોપીઓ, સુરતના આશિષ અને પંજાબના પ્રીતની ધરપકડ કરી. બે મોબાઈલ નંબરો અને વોટ્સએપ ચેટના આધારે આ રેકેટનો ખુલાસો થયો.આ ઘટનાએ સાયબર ગુનાઓ સામે જાગૃતિની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.



જુનાગઢમાં કોંગ્રેસમાંથી આવેલા

# જૂનાગઢમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ । જવાહર ચાવડાને હવે ભાજપમાં જ આંતરિક વિવાદનો સામનો કરવો પડી રહ્યો છે

## પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ રોજગાર સહાયતા અભિયાન શરૂ કરીને ભાજપની અંદરખાને નવો વિવાદ જન્માવ્યો

। પ્રતિનિધિ, જુનાગઢ,તા.૧ ।

જૂનાગઢમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાએ રોજગાર સહાયતા અભિયાન શરૂ કરીને ભાજપની અંદરખાને નવો વિવાદ જન્માવ્યો છે. ચાવડાના આ અભિયાનને લઈ સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયા અને માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ આકરા પ્રતિભાવ આપ્યા છે. જૂનાગઢમાં ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ મંત્રી જવાહર ચાવડાએ રોજગાર સહાયતા અભિયાનની શરૂઆત કરી, જેના હેઠળ તેઓ આજથી ત્રણ દિવસ સુધી માણાવદર, વંથલી અને મેંદરડામાં બેરોજગાર યુવાનો અને મહિલાઓની વ્યથા જાણશે. ચાવડાએ દાવો કર્યો કે તેમનું આ અભિયાન યોગ્ય છે, પરંતુ તેનાથી કેટલાક લોકોના ''પેટમાં તેલ રેડાઈ રહ્યું છે.''આ નિવેદનનો વળતો જવાબ આપતા સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારિયાએ ચાવડા પર પલટવાર કર્યો. ખટારિયાએ કહ્યું કે ચાવડા જૂનાગઢમાં પોતાનો દબદબો બનાવી શક્યા નથી, અને આ અભિયાન માત્ર હવાતિયાં છે. તેમણે ચાવડા પર કોંગ્રેસમાં રહીને પણ ગદ્દારી કરવાનો આરોપ લગાવ્યો.




બીજી તરફ, માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ પણ ચાવડાના અભિયાનને રાજકીય સ્ટંટ ગણાવ્યું. લાડાણીએ કહ્યું કે, દેશ અને ગુજરાતની પરિસ્થિતિ સૌ કોઈ જાણે છે, અને ચાવડા માત્ર રાજકીય નાટકબાજી કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે ચાવડાના સમર્થકો જે પાર્ટીમાં જાય ત્યાં તેમનું સ્થાન હોય છે, અને તેઓ કોનું સમર્થન કરે છે તે સૌ કોઈ જાણે છે.

પૂર્વ કેબિનેટ મંત્રી જવાહર ચાવડાના રોજગાર અભિયાનને લઈને હવે સોશ્યલ મીડિયામાં આક્ષેપો થઈ રહ્યા છે. ૧ સપ્ટેમ્બરથી જવાહર ચાવડા વિવિધ વિસ્તારોમાં પ્રવાસ કરી રોજગારી માટે લોકો સાથે મુલાકાત કરશે. જવાહર ચાવડાએ પોતાના સોશ્યલ મીડિયામાં પોસ્ટ મુકતા રાજકારણ ગરમાયું છે. માણાવદર માર્કેટીંગ યાર્ડ ખાતે થી માણાવદર ધારાસભ્ય અરવિંદ લાડાણી અને સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારીયા એ પણ સોશિયલ મીડિયા પર લાઈવ કર્યું. ધારાસભ્ય અરવિંદ લાડાણી અને સાવજ ડેરીના ચેરમેન દિનેશ ખટારીયાએ જવાહર ચાવડા પર આકરા પ્રહારો કર્યા. ત્યારે પોતાના અભિયાન અંગે જવાહર ચાવડાએ કહ્યું કે, મારું રોજગાર સહાયતા અભિયાન યોગ્ય દિશામાં છે. આનાથી કેટલાક લોકોના પેટમાં તેલ રેડાઈ રહ્યું છે. સમય આવશે ત્યારે બધાને જવાબ મળી જશે.''

જવાહર ચાવડાના નિવેદન સામે દિનેશ ખટારીયાએ કહ્યું કે, તેલ તો એના પેટમાં રેડાયું છે. જેથી તેઓ આવા સ્ટંટ કરી રહ્યા છે. જૂનાગઢ જિલ્લામાં તેઓ પોતાનો દબદબો બનાવી ન શક્યા, એટલે હવાતિયાં મારી રહ્યાં છે. ભાજપમાં રહેવું હોય તો સામાન્ય કાર્યકર્તા તરીકે જ રહેવું જોઈએ અને કામ કરવું જોઈએ. કોંગ્રેસમાં હતા ત્યારે કોંગ્રેસ સાથે પણ ગદ્દારી કરી હતી.

ગુજરાતમાં ફરી એકવાર માનવ બલિની ઘટના બની

# આણંદના નવાખલમાં યુવકે સંતાનપ્રાપ્તિ માટે ૫ વર્ષની બાળકીના હાથ-પગ બાંધીને નદીમાં ફેંકી

। પ્રતિનિધિ, આણંદ, તા.૧ ।

ગુજરાતમાં ફરી એકવાર માનવ બલિની ઘટના બની છે .આણંદના નવાલખ ગામના યુવકે ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને તાંત્રિકવિધી કર્યા બાદ નદીમાં ફેંકી દીધાની ચોંકાવનારી ઘટના બની છે. પોલીસે યુવકની અટકાયત કરી છે. હાલ ફાયર બ્રિગેટનીની મદદથી સિંઘરોટ નદીમાં બાળકીની શોધખોળ હાથ ધરાઈ છે. આણંદના નવાખલ ગામનો ૬ વર્ષની બાળકીની તાંત્રિક વિધિ બાદ મીની નદીમાં ફેંકી દેવાઈ હોવાનો આરોપ ઉઠ્યો છે .નવાખલ ગામના યુવકે બાળકીનું અપહરણ કરી સિંધરોટ પાસે તાંત્રિક વિધિ કરી હતી. તાંત્રિક વિધિ બાદ યુવકે બાળકીને સિંધરોટ પાસે મીની નદીમાં ફેંકી દેવાઈ. આંકલાવ પોલીસે યુવકની અટકાયત કરી છે. યુવકને લઈને પોલીસે સિંધરોટ પાસે નદીમાં બાળકીની શોધખોળ હાથ ધરાઈ છે. ફાયર બ્રિગેડની મદદથી પોલીસ તપાસ હાથ ધરાઈ છે.

તપાસમાં સામે આવ્યું કે, નવાખલ ગામની તુલસી સોલંકી ગતરોજ સાંજે મંદિરે રમવા જવાનું કહી ઘરેથી નીકળી હતી, પરંતુ ઘેર પાછી ન ફરતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. ત્યારબાદ પરિવારે પોલીસને જાણ કરી હતી. જેના બાદ માનવ બલિનો કિસ્સો ખૂલ્યો. બાળકીને કાકાના મિત્રે ભુવાના કહેવાથી બલિ ચડાવી હતી અને સિંઘરોટ નદીમાં ફેંકી દીધી હતી.તપાસ દરમિયાન તુલસીના કાકાના મિત્ર અજય પઢિયાર શંકાની સોય ગઈ હતી.

## મોરબી : ટંકારાના વાછકપર ગામે પરિવારનો સામુહિક આપઘાતનો પ્રયાસ, પુત્રનું મોત

। પ્રતિનિધિ, મોરબી, તા.૧ ।

મોરબીના ટંકારા સ્થિત વાછકપર ગામમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં માતા - પુત્ર અને પુત્રી દ્વારા આપઘાતનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પૈસાના મામલે ઝઘડો થતા માતાએ ઝેરી દવા પી લીધી હતી.બાદમાં માતાને ઝેરી દવા પીતી જોઈને પુત્ર અને પુત્રીએ પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બાદમાં સારવાર અર્થે તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન ૧૫ વર્ષના પુત્રનું મોત નીપજ્યુ હતું.બીજીતરફ માતા-પુત્રીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અંગે ટંકારા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. મોરબીના ટંકારા સ્થિત વાછકપર ગામમાં સામૂહિક આપઘાતના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં માતા - પુત્ર અને પુત્રી દ્વારા આપઘાતનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પૈસાના મામલે ઝઘડો થતા માતાએ ઝેરી દવા પી લીધી હતી. બાદમાં માતાને ઝેરી દવા પીતી જોઈને પુત્ર અને પુત્રીએ પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

## જામનગરમાં ગણેશ વિસર્જન દરમિયાન તળાવમાં ડૂબી જતા પિતા અને બે પુત્રના મોત

। પ્રતિનિધિ, જામનગર, તા.૧ ।

જામનગરમાં ગણેશ વિસર્જન દરમિયાન કરૂણ બનાવ બન્યો હતો. જેમાં નાઘેડી વિસ્તારમાં પોદાર સ્કૂલ નજીકના એક તળાવમાં ગણેશ વિસર્જન કરતી વખતે એક જ પરિવારના પિતા અને તેમના બે બાળકો પાણીમાં ડૂબી ગયા હતા. જેમાં ત્રણેયના મોત નીપજ્યા હતા. આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ,બાદમાં ફાયર કર્મચારીઓએ મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલ્યા છે. આ બનાવને પગલે આ વિસ્તારમાંશોકનું વાતાવરણ છવાયું છે. બીજીતરફ સુરક્ષાને લઈને ફરી એકવાર પ્રશ્ન ઉભા થયા છે.બનાવની જાણ કરવામાં આવતા ફાયર વિભાગ અને પંચકોષી બી પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.ત્રણેય મૃતદેહોને બહાર કાઢીને ફાયર બ્રિગેડની ટીમે જી.જી. હોસ્પિટલ ખસેડ્યા છે. મહાનગરપાલિકા દ્વારા બનાવેલા સુરક્ષિત કુંડમાં વિસર્જન કરવાને બદલે લોકો જોખમી સ્થળોએ જાય ત્યારે આવી દુર્ઘટનાઓ સર્જાય છે.

મળતી માહિતી મુજબ, ગણેશ વિસર્જનના પવિત્ર અવસર પર એક પિતા તેમના બે બાળકો સાથે તળાવમાં વિસર્જન કરવા ગયા હતા. વિસર્જન દરમિયાન ત્રણેયને ડૂબતા જોઈને સ્થાનિક લોકોએ તેમને બચાવવા પ્રયાસ કર્યા હતા. જે નિષ્ફળ રહ્યા હતા. બાદમાં સ્થાનિકોએ ફાયર વિભાગને જાણ કરી હતી.

માહિતી મળતાની સાથે જ પંચકોષી બી પોલીસ સ્ટેશનના પી.આઈ. રાઠોડ તેમના સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર ટીમે સઘન શોધખોળ બાદ તળાવમાંથી પિતા અને બંને બાળકોના મૃતદેહો બહાર કાઢ્યા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.







## તંત્રી લેખ...

# અયોગ્ય પગલા લેવાયા

કોરોના કાળના દોરમાં પણ તમામ બાબતો લોકો સુધી પહોંચે તેવા પ્રયાસ સરકાર તરફથી થઈ રહ્યા નથી. કોરોનાના આંકડાને લઈને પણ કેટલાક વિરોધાભાસી અહેવાલ આવી રહ્યા છે. જે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરે છે. સામાન્ય લોકો સુધી તમામ બાબતો યોગ્ય રીતે પહોંચે તે ખુબ જરૂરી છે. પારદર્શિતાની લાંબી લાંબી વાત કરનાર રાજકીય પક્ષો સત્તામાં આવ્યા બાદ કઈ રીતે ગુલાંટ મારી જાય છે તેનો દાખલો હવે ઉત્તરખંડ સરકાર દર્શાવી રહી છે. થોડાક સમય પહેલા જ ઉત્તરાખંડની સરકારે પોતાની સરકાર ઓફિસમાં પત્રકારોના પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો હતો. એટલુ જ નહી બલ્કે વ્યક્તિગત કામો માટે સરકારી ઓફિસમાં અધિકારીઓને મળવા માટે આવતા સામાન્ય લોકો પર પણ પ્રતિબંધ મુકી દીધો હતો. જો કે ભારે હોબાળો થયા બાદ આખરે હળવી રાહત આપી હતી. હવે સવાલ એ થાય છે કે આવા પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ સામાન્ય વ્યક્તિ પોતાની ફરિયાદ કોને કરશે ? પ્રતિબંધ માટેના કારણો હજુ દર્શાવવામાં આવ્યા નથી. પરંતુ સમજી શકાય છે કે આની પાછળનો હેતુ તો સરકાર સમાચારને રોકવાનો રહ્યો હશે. ઉત્તરાખંડ સરકાર ઈચ્છતી હશે કે એ સમાચાર જ પ્રકાશિત કરવામાં આવે જે તે ઈચ્છે છે. પત્રકારો જો સરકારી ઓફિસ પર જ જઈ શકશે નહી તો સરકારની સામે સમાચાર કઈ રીતે પ્રકાશિત કરી શકાશે. ઉત્તરાખંડ ઉપરાંત છત્તિસગઢ અને બીજા રાજ્યોની હાલત પણ આવી જ બનેલી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સહિત બીજા રાજ્યોમાં પત્રકારો પર જુદી જુદી રીતે નિયંત્રણ લાગુ કરવામાં આવ્યા છે. કહેવા માટે તો ભારત દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે છે પરંતુ પત્રકારો પર આ પ્રકારના નિયંત્રણ કેટલાક પ્રશ્નો ઉભા કરે છે. અહીં લોકશાહી પર નજર રાખવા માટે કેટલાક નિયંત્રણ મુકવામાં આવી રહ્યા છે. કોઈ પણ રાજ્યમાં પત્રકાર સરકારી ઓફિસમાં હજુ સુધી જતા રહ્યા છે. પ્રધાનોને પણ મળતા રહે છે. સરકારી અધિકારીઓને પણ પત્રકારો મળતા રહ્યા છે. આ જ મુલાકાતના કારણે સમાચાર નિકળતા રહે છે. એવા સમાચાર જે ભલે સરકારની વિરુદ્ધમાં જાય છે પરંતુ જનતાના હિત સાથે જોડાયેલી હોય છે. સરકારી ઓફિસમાં મંત્રી, અધિકારીઓ અને અન્યો પત્રકારોને કેટલી માહિતી કેટલી હદ સુધી આપે તે તેમના પર આધારિત હોય છે. પરંતુ સરકારી ઓફિસમાં પત્રકારોને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવે તે બાબત તો બિલકુલ યોગ્ય દેખાતી નથી. આના કરતા કોઈ મોટી બિનલોકશાહી બાબત હોઈ શકે નહી. સરકાર જો કઈ પણ ખોટુ કામ કરી રહી નથી તો પત્રકારોથી ભયભીત થવાની જરૂર શુ છે. ભારતીય જનતા પાર્ટી તો પત્રકારો માટેની સૌથી શુભચિંતક હોવાની વાત કરી રહી છે. મીડિયાની સ્વતંત્રતાની સૌથી વધારે વાત ભાજપ દ્વારા હાલના સમયમાં કરવામાં આવી છે. પરંતુ સત્તામાં આવ્યા બાદ તેના સુર બદલાઈ ગયા છે. લોકશાહીની સૌથી મોટી ઓળખ પારદર્શકતા હોય છે.

# ભાવિ યોજના શાંત દિમાગથી બનાવો

શુ તમે પોતાની નોકરી છોડવાની યોજના બનાવી રહ્યા છો, પરંતુ આપની પાસે આગામી પગલાને લઈને કોઈ માહિતી દેખાઈ રહી નથી. અથવા તો તમે એક નવા ફ્રેશર તરીકે હોઈ શકો છો. જેને માહિતી નથી કે ક્યાંથી શરૂઆત કરવાની જરૂર છે. સૌથી મોટી સમસ્યા આપના દિમાગની સ્થિતીની રહેલી છે. જેની પાસે કોઈ પેશન નથી. સાથે સાથે કેરયરને લઈને કોઈ લાંબા ગાળાની યોજના નથી. જો આવી સ્થિતી છે તો વર્તમાન સ્થિતીથી નવી દિશા ક્યારેય મળી શકે તેમ નથી. આપને સફળ રીતે આગળ વધવા માટે નવા વિચાર, અનુભવ, અને દ્રષ્ટિકોણની સાથે પોતાની વિચારધારાને ઉર્જા આપવાની જરૂર દેખાઈ રહી છે. કેટલાક નિષ્ણાંતો સાફ શબ્દોમાં કહે છે કે શાનદાર કેરિયર શોધી કાઢવા માટે સૌથી પહેલા તો એક સમયમર્ચાદાની બાબતને ધ્યાનમાંથી કાઢી નાંખવી જોઈએ. જો તમે તમારા જીવનના આગામી ૨૦ વર્ષની મેપિંગ કરવાની યોજના કરી રહ્યા છો તો તેના જવાબ તરત મળી શકશે નહીં. જ્યારે તમે સમયમર્યાદા દુર કરી નાંખો છો ત્યારે તમારા દિમાગ શાંત થઈ જાય છે. આના કારણે કેરિયર માટે સારા રસ્તા પણ મળે છે. જો તમને આવકની જરૂર છે તો અથવા તો ચિંતાથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો તમે કોઈ પ્રોડક્ટસ સાથે જોડાઈ શકો છો. અથવા તો કોઈ અસ્થાયી નોકરી કરી શકો છો. જીવનને સરળ બનાવવા માટે આપ કામમાંથી થોડાક સમય માટે બ્રેક પણ લઈ શકો છો. ભાવિ યોજના શાંત દિમાગ સાથે તૈયાર થાય છે. પોતાના પર મુખ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. મર્યાદા પર ફોક્સ કરવાના પ્રયાસ ક્યારેય કરવા જોઈએ નહીં. જેમ કે તેની પાસે પૈસા નથી, શિક્ષણ નથી, સંબંધ નથી, અથવા તો અંગત સમસ્યા રસ્તા આડે આવી રહી છે. આ તમામ અસ્થાયી ચીજો છે. જો પોતાને વર્તમાનના પડકારની સાથે જોડીને નિહાળશો તો મોટા ચિત્ર પર ક્યારેય ધ્યાન આપી શકાશે નહીં. ભણવામાં, નવા લોકોમાં અને નવા પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની ખાસ જરૂર હોય છે. એવા તમામ ઉત્તેજક વિકલ્પો પર વિચારણા કરી શકો છો જેને પહેલા પડકાર તરીકે સ્વીકારી લેવામાં આવ્યા હતા. ભ્રમણના કાર્યક્રમ તૈયાર કરી શકાય છે. વેપાર શરૂ કરી શકો છો. સ્ટાર્ટ અપમાં ઈન્ટર્નશીપ કરી શકો છો. મોટા ભાગના કેરિયર લાયકાત પર આધારિત રહે છે. એક સોફ્ટવેર આર્કિટેક્ટ સારી રીતે જાણે છે કે કોડિંગ શુ છે. તે એડવાન્સ ટેકનોલોજીના ટોપ પર રહે છે.



**ચિંતા : ઉથલપાથલ વચ્ચે રોકાણ ક્યાં કરાય તેની ચિંતા સૌથી મોટી**

**મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે**

# પ્રવાહી સ્થિતી વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ

**મ્યુચ્યુઅલ ફંડ યોગ્ય છે કે કેમ તે અંગેનો ફેસલો તો એ દરેક રોકાણકાર કરી શકે છે જે જોખમ ઉઠાવવાની પોતાની ક્ષમતાને ઓળખી કાઢે છે**

મ્યુડીરોકાણકારોની સામે હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે. ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે.

આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે




મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમાં પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે.

હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઈ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઈ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઈપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુક્યા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે.

મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઈ ગઈ છે. થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઈપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા અને આઈપીઓના નબળા લિસ્ટિંગપર શેર નુકસાનમાં પહોંચી ગયા બાદ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તેને વેચીને બહાર નિકળ્યા તેના કારણે રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. એકબાજુ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ દાવો કરે છે કે તે ખુબ ગંભીરતાપૂર્વક વિચારીને ગ્રાહકોના પૈસા રોકે છે. બીજી બાજુ આ કડવી વાસ્તવિકતા છે કે પોતાની જરૂરિયાતો અને વેપારી સંબંધો ટકાવી રાખવા માટે તેઓ પણ રોકાણ કરેછે.

ફંડ હાઉસ રોકાણના સમય ખુશ અને આશાવાદી તો દેખાય છે પરંતુ પરંતુ નુકસાન થવા અથવા તો ઈચ્છિત લાભ ન હોવાની સ્થિતીમાં તેમનો ભાર આ બાબત પર આધારિત હોય છે કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ જોખમી હોય છે. આવુ તેની જાહેરાતમાં પણ સ્પષ્ટ રીતે દર્શાવાય છે. જો મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓના દાવા સાચા રહ્યા હોત તો મોટી સંખ્યામાં ફંડ નુકસાનમાં જતા રહ્યા ન હોત. વાસ્તવિકતા એ છે કે ફંડ મેનેજર પણ ખોટા સમયમાં ખોટા શેરની ખરીદી કરે છે અને વેચે છે. એટલુ જ નહીં કેટલીક વખત તેમના નિર્ણય કોઈ અન્ય નાણાંકીય સંસ્થાને બચાવી લેવા માટે હોય છે. જેના કારણે નુકસાન-ની પૂર્ણ સંભાવના હોય છે. શેરબજારમાં રહેતા ઉતારચઢાવની સ્થિતી અંગે યોગ્ય ગણતરી કરવાની બાબત ફંડ મેનેજર માટે શક્ય નથી.



**યુ ટ્યુબ પર ક્રિએટર્સ વિડિયો ગેમ્સની લાઇવ સ્ટ્રીમિંગ કરી રહ્યા છે**

**મનસ્વી અને પ્રભાકરણ એવા ખાસ લોકો પૈકી છે જે યુટ્યુબ પર ગેમ્સના લાઇવ સ્ટ્રીમીંગને કેરિયર બનાવી ચુક્યા છે. ભારતમાં બે વર્ષ પહેલા સુધી ગેમિંગ ચેનલ નહીવત સમાન હતી પરંતુ હવે ૧૦ લાખ ગ્રાહકો ધરાવનાર ૨૪ ગેમિંગ ચેનલો તો એવી છેજે ભારતીય યુવા ચલાવી રહ્યા છે**

# લાઇવ ગેમિંગ સ્ટ્રીમિંગથી પૈસા કમાવો

**લાઇવ સ્ટ્રીમિંગ મારફતે જંગી નાણાં પણ કમાવી રહ્યા છે :ગેમિંગ હવે મહત્પૂર્ણ આયામ તરીકે છે : ટ્રેન્ડ વધે તેવા સાફ સંકેતો મળ્યા છે**

આધુનિક સમયમાં યુટયુબ પર દેશના કેટલાક ક્રિએટર્સ તો હવે વિડિયો ગેમ્સની લાઈવ સ્ટ્રીમિંગ કરી રહ્યા છે. સાથે સાથે આના મારફતે જંગી આવક પણ મેળવી રહ્યા છે. લાઈવ ગેમિંગ સ્ટ્રીમિંગની બોલબાલા વધી રહી છે. મુંબઈમાં રહેનાર ૨૧ વર્ષની મનસ્વી દલવી લોમાં અભ્યાસ કરી રહી છે અને તે દરરોજ આઠ કલાક વિડિયો ગેમ રમે છે. સાથે સાથે તેને યુટ્યુબ પર લાઈવ સ્ટ્રીમીંગ પર કરે છે. દલવીએ છેલ્લા એક વર્ષના ગાળામાં જ એક લાખ રૂપિયાની કમાણી કરી લીધી છે.

આ રકમ તેને ફેન્સના ડોનેશન અને બ્રાન્ડસની જાહેરાતના કારણે મળ્યા છે. ચેન્નાઈમાં રહેનાર પ્રભાકરણપણ ગેમ્સની લાઈવ સ્ટ્રીમિંગ કરી રહ્યો છે. આના માટે તે પણ નોકરી છોડી ચુક્યો છે. તેને લાગે છે કે તે ઈ-કોમર્સ કંપનીમાં કામ કરીને જેટલા પૈસા કમાવી શકે છે તેટલા પૈસા તે લાઈવ સ્ટ્રીમિંગ મારફતે પણ કમાવી શકે છે. મનસ્વી અને પ્રભાકરણ એવા ખાસ લોકો પૈકી છે જે યુટ્યુબ પર ગેમ્સના લાઈવ સ્ટ્રીમીંગને કેરિયર બનાવી ચુક્યા છે. ભારતમાં બે વર્ષ પહેલા સુધી ગેમિંગ ચેનલ નહીવત સમાન હતી. પરંતુ હવે ૧૦ લાખ ગ્રાહકો ધરાવનાર ૨૪ ગેમિંગ ચેનલો તો એવી છેજે ભારતીય યુવા ચલાવી રહ્યા છે. હવે દેશમાં અલગ અલગ ભાષામાં ગેમિંગ ક્રિએટર્સ આવી રહ્યા છે. વિડિયો કેટેગરીમાં યુટ્યુબના માર્કેટમાં ચીનના શોરટ વિડિયો પ્લેટફોર્મ ટિકટોકે જોરદાર અતિક્રમણ કરી દેવામાં સફળતા મેળવી છે. આવી સ્થિતીમાં ગેમિંગ વર્ટિકલ યુટ્યુબ માટે ખુબ ઉપયોગી અને અસરકારક તરીકે છે. વર્તમાન દૌરમાં યુવાનો વચ્ચે લાઈવ ગેમિંગનો ક્રેઝ દિન પ્રતિદિન વધી રહ્યો છે. હજારો યુટ્યુબ ચેનલ ગેમિંગ સ્ટ્રીમ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં ઈન્ટરનેટની સ્પીડ વધી જવાની સાથે જ લાઈવ ગેમમાં ગાળવામા આવતો સમય પણ વધી રહ્યો છે.



રોજ આશરે ૨૦ કરોડ કરતા વધારે ગ્રાહકો યુટ્યુબ પર ગેમિંગ વિડિયો અને લાઈવ સ્ટ્રીમિંગ નિહાળે છે. આવનાર સમયમાં આમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભારતમાં મોટા ભાગના લોકો મોબાઈલ ફોન પર ગેમ રમવાનુ વધારે પસંદ કરે છે. જ્યારે બીજા દેશોમાં ગેમ રમવા માટે કોમ્પ્યુટર અને કન્સોલનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. યુટ્યુબ ભારતીય ગેમર્સને કન્ટેન્ટ સ્ટ્રેટેજી, પ્રોડક્શન ડિઝાઈન, ગ્રીન સ્કીરનના ઉપયોગ અને કેમેરા, લાઈટ એડિટિંગ મામલે ટ્રેનિંગ આપે છે. આના કારણે યુટ્યુબ પર ગેમિંગ ક્રિએટર્સ વધારે સારી રીતે તેમના કામને અંજામ આપી રહ્યા છે. યુટ્યુબ કેટલાક વર્ટિકલ પર કામ કરે છે. તે પૂર્ણ રીતે ગેમિંગ કન્ટેન્ટ સાથે સજ્જ છે અને તેની સાથે જોડાયેલ છે. યુટ્યુબ પર કેટલાક પ્રકારના કન્ટેન્ટ રહે છે. ગેમિંગ પણ એક લોકપ્રિય વિદ્યા તરીકે છે. યુટ્યુબ ગેમિંગ કોમ્યુનિટીને વધારવા માંગે છે. ગેમર્સના વિડિયોને યુઝર્સ વધારે સમય સુધી નિહાળે છે. કેટલાક કિસ્સામાં તો વારંવાર નિહાળે છે. ગેમિંગ હવે મહત્વપૂર્ણ આયાત તરીકે છે. ટ્રેન્ડ વધતા આ દિશામાં લોકો વધી રહ્યા છે. આના માટે ઈન્ટરનેટની સ્પીડમાં વધારાને પણ કારણ તરીકે ગણવામાં આવે છે. લાઈવ ગેમિંગની બોલબાલાના કારણે તેની તરફ લોકો અને બાળકો વધારે આકર્ષિત થઈ રહ્યા છે. ગેમિંગ પોપ્યુલર વિદ્યા તરીકે થઈ ગઈ છે. ટેક વર્લ્ડની વાત કરવામા આવે તો સ્થિતી હવે સુધરી રહી છે. યુટ્યુબ પર લાઈવ સ્ટ્રીમિંગ કરીને આગળ વધનાર લોકોની સંખ્યા આવનાર સમયમાં વધી શકે છે. નોકરીમાં સમય ગાળવાના બદલે આટલા જ સમયમાં લાઈવ સ્ટ્રીમિંગ મારફતે નોકરી જેટલી રકમ ઉભી કરવામાં આવી રહી છે. ક્રિએટિવ લોકો આમાં સફળ સાબિત થઈ રહ્યા છે. બજારની વાત કરવામાં આવે તો ભારતમાં ગેમિંગ માર્કેટ એશિયા પેસિફિક પ્રદેશમાં ત્રીજા સ્થાન પર છે. આવનાર દિવસોમાં તેની સ્થિતી વધારે મજબુત બની શકે છે.

## નીંદ અમારા માટે કેટલી અને કેમ જરૂરી છે તેને લઇને અભ્યાસ

# પુરતા પ્રમાણમાં નીંદ ન લેવાના કારણે અનેક બિમારીને આમંત્રણ મળી જાય છે : નીંદની ગુણવત્તાને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે

નીંદ અમારા માટે કેટલી અને કેમ જરૂરી છે અથવા તો તેનાથી અમારા બ્લડ પ્રેશર પર કોઈ અસર થાય છે કે કેમ તેને લઈને હાલમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. જે વિગત સપાટી પર આવી છે તેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ઓછી નીંદના કારણે બ્લડ પ્રેશર વધી શકે છે. પુરતા પ્રમાણમાં નીંદને લઈને તો વારંવાર અહેવાલ જારી કરવામાં આવે છે. નિષ્ણાંત તબીબો અને જાણકાર લોકો પણ આના માટેની સલાહ આપે છે. જો કે નીદ અને હાઈ બ્લડ પ્રેશરના સંબંધના મામલે પહેલા કોઈ વાત કરવામાં આવી ન હતી. સાઈકોસોમેટિક મેડિસીન જર્નલમાં પ્રકાશિત કરવામાં આવેલા નવા અભ્યાસ અને રિસર્ચમાં પણ ઓછી નીંદ અથવા તો નીંદની ગુણવત્તાને લઈને કેટલીક વાત કરવામાં આવી છે. નીંદની ગુણવત્તા ખરાબ થવાના કારણે ઉભી થનાર સમસ્યા અંગે વાત



કરવામાં આવી છે. જેમાં સ્ટ્રોક, હાર્ટને લગતી તકલીફ અને હાર્ટની બિમારીના કારણે મોત જેવી બાબતોનો સમાવેશ થાય છે. અભ્યાસ મારફતે કહેવામાં આવ્યુ છે કે એવી કેટલીક બિમારી છે જેના સીધા સંબંધ નીંદની સાથે જોડાયેલા છે. નીંદના પ્રમાણને લઈને વારંવાર અભ્યાસના તારણ જારી કરવામાં આવે છે. કેટલીક વખત વિરોધાભાસ પણ રજૂ કરવામાં આવે છે. નીંદના કારણે બ્લડપ્રેશર કઈ રીતે કન્ટ્રોલ થાય છે તેના મામલે તારણ જારી કરવામાં આવ્યાછે. અભ્યાસના ગાળા દરમિયાન ટુકા ટુંકા ગાળામાં બ્લડ પ્રેશરની ચકાસણી કરવામાં આવી હતી. રિસર્ચ મારફતે કહેવામાં આવ્યુ કે એક રાત્રી ગાળા દરમિયાન જ પુરતી નીંદ કઈ રીતે બ્લડ પ્રેશરને અંકુશમાં લે છે. નીંદ અને બ્લડ પ્રેશર વચ્ચે સીધા સંબંધ રહેલા છે.

આ જ કારણસર સારી નીંદનુ મહત્વ સમજી લેવામાં આવે તે જરૂરી છે. નીંદની પરેશાનીના કારણે લાંબા સમયથી પરેશાન લોકો માટે પણ કેટલીક બાબતો તરફ ધ્યાન આપવામા આવ્યુ છે. નીંદના આરોગ્યને સુધારી દેવા માટે સીબીટીઈ થેરાપી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. જે ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા ઓસ્ટ્રેલિયન અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસ દરમિયાન બ્લેક ટી પીનાર લોકોને ઘણા ફાયદા થાય છે. તેમના બ્લડપ્રેશરને આંશિક રીતે ઘટાડવામાં બ્લેક ટી ઉપયોગી સાબિત થાય છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બ્લેક ટીની મજા માણતા લોકોને આરોગ્યની દ્રષ્ટિએ પણ ફાયદા થાય છે. અલબત્ત અભ્યાસમાં ચોક્કસ ઘટકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સંશોધકોએ કહ્યું છે કે બ્લડપ્રેશરમાં બ્લેક ટી ઘટાડો કરે છે.

સંશોધકોએ ભૂતકાળમાં કરવામાં આવેલા અભ્યાસને પણ તારણ નક્કી કરતી વેળા ધ્યાનમાં લીધા હતા. ચા જેવા પ્લાન્ટમાં રહેલા તત્વો હાર્ટના આરોગ્ય માટે પણ ઉપયોગી હોવાનું જાણવા મળ્યું છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના સંશોધકોના નેતૃત્વમાં એક ટીમે અભ્યાસ બાદ જણાવ્યું છે કે વ્યક્તિગતો માટે તારણો આદર્શ છે. આર્ચિવ ઓફ ઈન્ટરનલ મેડીસીનમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અભ્યાસ કરતી વેળા ૯૫થી વધુ ઓસ્ટ્રેલિયનોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. સામાન્ય બ્લડપ્રેશર ધરાવતા લોકો અને વધુ બ્લડપ્રેશર ધરાવતા લોકોને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. એ ગ્રૂપને બ્લેક ટી અને અન્ય ગ્રૂપને સરેરાશ ટેસ્ટ સાથે ચા આપવામાં આવી હતી. અભ્યાસની શરૂઆત કરતા પહેલાં બ્લડપ્રેશરની ચકાસણી કરી લેવામાં આવી હતી.

ચકાસણી કરવામાં આવ્યા બાદ બે ગ્રૂપના લોકોને વિભાજિત કરી લેવામાં આવ્યા હતા. ૧૨૦/૮૦ એમએમ એચજીથી ઓછા બ્લડપ્રેશર રિડીંગને સામાન્ય તરીકે ગણવામાં આવે છે જ્યારે હાઈ બ્લડપ્રેશર રિડીંગ ૪૦/૯૦ અથવા તો તેનાથી ઉપરનું ગણવામાં આવે છે. સામાન્ય રીતે કહી શકાય છે કે પુરતા પ્રમાણમાં ઉંઘ અથવા તો નીંદ ન લેવાની સ્થિતીમાં અનેક બિમારીને આમંત્રણ મળે છે. જેમાં હાર્ટ સાથે સંબંધિત બિમારી પણ સામેલ છે. પુરતા પ્રમાણમાં ઉંઘ ન મળવાની સ્થિતીમાં થાક વધારે લાગે છે. આળસ રહે છે. શરીરમાં એનર્જીનો અભાવ રહે છે. સાથે સાથે કામ કરવામાં ભારે તકલીફ પડે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### અફઘાનિસ્તાન એક એવો દેશ છે જ્યાં વારંવાર ભયંકર ભૂકંપ આવે છે

# અફઘાનિસ્તાનમાં આવેલા ૬.૦ ની તીવ્રતાના ભૂકંપમાં અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ લોકો માર્યા ગયા

**જલાલાબાદ શહેરથી ૨૭ કિલોમીટર દૂર હતું । જલાલાબાદ, જે લગભગ બે લાખની વસ્તી ધરાવતું દેશનું પાંચમું સૌથી મોટું શહેર છે, ત્યાં આખી રાત ભૂકંપના આંચકાથી લોકો ગભરાયેલા રહ્યા**

। કાબુલ, તા.૧ ।

અફઘાનિસ્તાન ફરી એકવાર ભૂકંપનો ભોગ બની રહ્યું છે. રવિવારે રાત્રે દેશના પર્વતીય વિસ્તારોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર, તેનું કેન્દ્ર જલાલાબાદ શહેરથી ૨૭ કિલોમીટર દૂર હતું. જલાલાબાદ, જે લગભગ બે લાખની વસ્તી ધરાવતું દેશનું પાંચમું સૌથી મોટું શહેર છે, ત્યાં આખી રાત ભૂકંપના આંચકાથી લોકો ગભરાયેલા રહ્યા.તાલિબાન સરકારના આંકડા મુજબ, અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ૨૫૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. સૌથી વધુ નુકસાન કુનાર પ્રાંતમાં થયું છે, જ્યાં ૬૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તાલિબાનના આંતરિક મંત્રાલયે ચેતવણી આપી છે કે આ આંકડો વધુ વધી શકે છે કારણ કે અસરગ્રસ્ત વિસ્તાર ખૂબ જ દૂરસ્થ અને મુશ્કેલ પર્વતીય વિસ્તાર છે.આ ભૂકંપ ફક્ત કુનાર અને નંગરહારમાં જ નહીં પરંતુ લગમાન પ્રાંતમાં પણ અનુભવાયો. ભૂકંપના આંચકા કાબુલ (૧૪૦ કિલોમીટર દૂર) સુધી પહોંચ્યા, જેના કારણે રાજધાનીના લોકો પણ ડરથી પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા. કુનાર પ્રદેશ ખૂબ જ ગરીબ અને દુર્ગમ વિસ્તાર છે. ત્યાં આંતરરાષ્ટ્રીય મદદ પહોંચવામાં સમય લાગશે. રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.







### ઘરો તૂટી પડતાં અને લોકોને મદદ માટે ચીસો પાડતા જોયા

સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલો પર પ્રસારિત થયેલા વિડિઓ ફૂટેજમાં બચાવ કાર્યકરો ઘાયલોને સ્ટ્રેચર પર ધરાશાયી થયેલી ઈમારતોમાંથી હેલિકોપ્ટર સુધી લઈ જતા જોવા મળ્યા, જ્યારે ઘણા લોકો પોતાના હાથથી કાટમાળ દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે મૃત્યુઆંક વધીને ૮૦૦ થઈ ગયો છે. ૨,૫૦૦ લોકો ઘાયલ થયા છે. મોટાભાગના જાનહાનિ કુનાર પ્રાંતમાં થયા છે. પૂર્વીય અફઘાનિસ્તાન એક પર્વતીય વિસ્તાર છે. તે દૂરના વિસ્તારોમાં ફેલાયેલો છે. ભૂકંપને કારણે સંદેશાવ્યવહાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. એક બચી ગયેલા વ્યક્તિએ કહ્યું કે તેણે પોતાની નજર સામે ઘરો તૂટી પડતાં અને લોકોને મદદ માટે ચીસો પાડતા જોયા. પરંતુ અધિકારીઓને ડર છે કે કાટમાળ નીચે વધુ લોકો દટાયેલા હોઈ શકે છે.

### બચાવ કામગીરી ચાલી રહી છે : સ્વાસ્થ્ય મંત્રાલયના પ્રવક્તા શરાફત ઝમા

સ્વાસ્થ્ય મંત્રાલયના પ્રવક્તા શરાફત ઝમાને જણાવ્યું હતું કે બચાવ કામગીરી ચાલી રહી છે. કુનાર, નંગરહાર અને રાજધાની કાબુલથી તબીબી ટીમો આ વિસ્તારમાં દોડી ગઈ છે. ઝમાને જણાવ્યું હતું કે ઘણા વિસ્તારોમાંથી હજુ સુધી જાનહાનિના અહેવાલ નથી. વધુ મૃત્યુ અને ઈજાઓ નોંધાયા હોવાથી આંકડો વધવાની ધારણા છે. તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે કહ્યું: "જીવન બચાવવા માટે ઉપલબ્ધ તમામ સંસાધનોનો ઉપયોગ કરવામાં આવશે."પડોશી દેશ પાકિસ્તાનની નજીક હોવાને કારણે અને બંને દેશો વચ્ચેનું મુખ્ય સરહદ ક્રોસિંગ હોવાને કારણે જલાલાબાદ એક ધમધમતું વ્યાપારી શહેર છે. મ્યુનિસિપાલિટી અનુસાર, તેની વસ્તી લગભગ ૩૦૦,૦૦૦ છે, પરંતુ તેનો મેટ્રોપોલિટન વિસ્તાર ઘણો મોટો હોવાનું માનવામાં આવે છે. તેની મોટાભાગની ઈમારતો ઓછી ઉંચાઈની છે.

### એસ. જયશંકરે અફઘાનિસ્તાનને મદદ કરવાનું વચન આપ્યું

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે તેઓ આજે અફઘાનિસ્તાનમાં આવેલા પ્રચંડ ભૂકંપથી પ્રભાવિત લોકો સાથે સંપૂર્ણ એકતામાં ઉભા છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી.અફઘાનિસ્તાન એક એવો દેશ છે જ્યાં વારંવાર ગંભીર ભૂકંપ આવે છે. ખાસ કરીને હિન્દુકુશ પર્વતીય પ્રદેશમાં, જ્યાં ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો અથડાય છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ, ત્યાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો અને તે પછી ઘણા જોરદાર આફ્ટરશોક પણ અનુભવાયા. તાલિબાન સરકાર કહે છે કે તેમાં ઓછામાં ઓછા ૪,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, મૃત્યુઆંક લગભગ ૧,૫૦૦ હતો. ૨૦૨૩ ના ભૂકંપને તાજેતરના વર્ષોમાં અફઘાનિસ્તાનમાં સૌથી મોટી કુદરતી દુર્ઘટના માનવામાં આવે છે આ દરમિયાન, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનને મદદ કરવાનું વચન આપ્યું હતું અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં એલપીજી ગેસનો બાટલો સસ્તો થયો

। નવીદિલ્હી, તા.૧ ।

સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં એલપીજી ગેસનો બાટલો સસ્તો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. જો કે આ વખતે પણ ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવ ઘટ્યા છે. લેટેસ્ટ ભાવ બાદ હવે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે. આ અગાઉ ઓગસ્ટ મહિનામાં પણ તેના ભાવમાં ઘટાડો થયો હતો. જો કે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નથી. નવા ભાવ આજથી લાગૂ થઈ ગયા છે. આઈઓસીએલની વેબસાઈટ પર અપડેટ કરાયેલા નવા ભાવ મુજબ દિલ્હીમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસનો બાટલો ૧૬૩૧.૫૦ થી ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે. જ્યારે કોલકાતામાં ૧૭૩૪.૫૦ રૂપિયાનો બાટલો હવે ૧૬૮૪ રૂપિયામાં મળશે. મુંબઈમાં પણ ૧૫૮૨.૫૦ રૂપિયાનો બાટલો હવે ૧૫૩૧.૫૦ રૂપિયામાં મળશે. જ્યારે ચેન્નાઈમાં એક સિલેન્ડરનો ભાવ ૧૭૮૯ રૂપિયાથી ઘટીને ૧૭૩૮ રૂપિયા થયો છે. ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં છેલ્લા કેટલાક મહિનાથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આ અગાઉ ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં પણ ભાવમાં ૩૩.૫૦ રૂપિયા ઘટ્યા હતા.

## લખીમપુરમાં ભાજપ કાર્યકરોએ કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ કરી, અબ્દુલ કલામનો ફોટો ફેંકી દીધો

। લખીમપુર ખેરી, તા.૧ ।

લખીમપુર ખેરીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ભાજપ મહિલા કાર્યકરોએ હોબાળો મચાવ્યો. મહિલા કાર્યકરો કલેક્ટર કચેરી નજીક સ્થિત કોંગ્રેસ જિલ્લા કાર્યાલયમાં ઘૂસી ગયા. કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા અને કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ કરી. આ દરમિયાન, ત્યાં હાજર પોલીસકર્મીઓ મૂક પ્રેક્ષક બન્યા.ખરેખર, બિહારમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવતા ભાજપના કાર્યકર્તાઓમાં ગુસ્સો છે. ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસનો વિરોધ કરી રહ્યા છે. આ ક્રમમાં સોમવારે લખીમપુર ખેરીમાં ભાજપ મહિલા કાર્યકરોએ વિરોધ કર્યો.ભાજપ મહિલા મોરચાના કાર્યકરો શહીદ નસીરુદ્દીન મેદાનમાં ભેગા થયા. અહીંથી સૂત્રોચ્ચાર કરતા તેઓ કોંગ્રેસ પક્ષ કાર્યાલય પહોંચ્યા અને હંગામો મચાવ્યો. વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલાઓએ કોંગ્રેસ પક્ષ કાર્યાલયમાં ખુરશીઓ તોડી નાખી. ગાંધી પરિવારના નેતાઓના પોસ્ટર અને ચિત્રો કાઢીને ફેંકી દેવામાં આવ્યા. એટલું જ નહીં, કાર્યાલયમાં લટકાવેલા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામની તસવીર પણ કાઢીને નીચે ફેંકી દેવામાં આવી.ભાજપ કાર્યકરોએ કાર્યાલય પર ટામેટાં ફેંકીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો.

### દેશવાસીઓને ઇથેનોલ મુક્ત પેટ્રોલનો વિકલ્પ નહીં મળે । દેશમાં આ દિવસોમાં ઇથેનોલનો મુદ્દો ગરમ

# પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ મિશ્રણ ચાલુ રહેશે સુપ્રીમ કોર્ટે પણ ઇથેનોલ મુક્ત પેટ્રોલની માંગણી ફગાવી

**મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને કે. વિનોદ ચંદ્રને સમગ્ર મામલો સાંભળ્યો અને સરકાર વતી ભારતના એટર્ની જનરલ આર. વેંકટરામણીનો પક્ષ સાંભળ્યા બાદ અરજીને ફગાવી દીધી**

। નવીદિલ્હી,તા.૧ ।

